R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 39 DATE: 30-09-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિધી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશના અર્થતંત્રમાં સર્જાયેલી અરાજકતા વિશે પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ સરકાર પર આકરા પ્રહારો કરતાં રાજકીય ખળભળાટ

પુર્વ નાણાંમંત્રી અને ભાજપના ટોચના નેતાઓ પૈકીના યશવંતસિહાએ મોદી સરકારની આર્થિક નીતીઓ પર આકરા પ્રહારો કરતાં ભારતે ખળભળાટ મચી ગયો છે.નાણાંમંત્રી તરીકે અરુણ જેટલીએ દેશના અર્થતંત્રમાં સર્જેલી અરાજકતા વિશે હું બોલીશ નહીં તો એક નાગરિક તરીકેની મારી રાષ્ટ્રીય ફરજ હું ચુકી જઈશ તેમ જણાવીને પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ મોદી સરકારને ભીંસમાં લીધી હતી.જેટલીને કટાક્ષમાં સુપરમેન કહીને સિંહાએ કહ્યુ છે કે તેમણે દેશના અર્થતંત્રને ખાડે નાંખ્યું છે અને તેને કારણે એક પછી એક સેકટર મંદીના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. જેટલીને નિશાન બનાવીને અંગ્રેજી અખબાર ઈન્ડીયન એક્સપ્રેસ ના એડીટોરીયલ પેજ પર લખેલા આર્ટિકલમાં સિંહાએ મોદી સરકારને તેની નીતીઓ બદલ આડે હાથ લેતા ભાજપની નેતાગીરી હબકી ગઈ છે.ભાજપની બાજપેયી ચસરકારમાં નાણાંમંત્રી રહી ચુકેલા સિંહાએ લખ્યુ છે.''વડાપ્રધાન નરેન્દ્ર મોદી એવો દાવો કરે છે કે તેમણે ગરીબીને બહુ નજીકથી જોઈ છે. તેમના નાણાંમંત્રી દેશના અર્થતંત્રને જે રીતે ચલાવી રહ્યા છે જેથી કરીને દરેક ભારતીય પણ ગરીબીને નજીકથી જુએ.''

અર્થતંત્રની હાલત અત્યંત ખરાબ છે.તેમ ભાજપના તમામ લોકો જાણે છે પણ ડરના માર્યા કશું બોલી શકતા નથી,તેમ જણાવીને સિંહાએ સ્પષ્ટ લખ્યું છે કે મોદી સરકારે લાગુ કરેલી નોટબંધીનો નિર્ણય અત્યંત ફલોપ સાબિત થયો છે. અને તેના પછી જીએસટીને આડેઘડ લાદી દેવાથી વેપારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.જીએસટીનો અમલ યોગ્ય રીતે લાગુ કરાયો નથી. દેશમાં ખાનગી સેકટરમાં આજે રોકાણ અત્યંત નીચલી કક્ષાએ આવી ગયું છે કે જે પાછલા બે દાયકા દરમિયાન પણ નહોતું.ઔદ્યોગિક ઉત્પાદનની હાલત અત્યંત ખરાબ છે.કૃષિ ક્ષેત્રમાં પરેશાની છે. જેમાંથી સૌથી વધુ રોજગારીનું નિર્માણ થાય છે તે મેન્યુફેક્ચરીંગ સેકટરમાં પણ સંકટ છવાયું છે.લાખો લોકો બેરોજગાર છે એમ સિંહાએ લખ્યું છે.

ઘટી રહેલા જીડીપીને લઈને પણ સિંહાએ જેટલીના નામ સાથે લખ્યું છે . પહેલા ક્વાટરમાં વિકાસદર ઘટીને ૫.૭ ટકા થઈ ગયો છે. જે ત્રણ વર્ષમાં સૌથી ઓછો છે.સરકારના પ્રવક્તા કહે છે કે નોટબંધીથી મંદી આવી નતી.ખરેખરતો મંદીની શરુઆત પહેલેથી થઈ હતી.નોટબંધીએ તો આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેન્ક એસબીઆઈએ સ્પષ્ટ કહ્યુ છે કે મંદી કોઈ ટેકનીકલ કારણોથી નથી , પણ વાસ્તવિક છે અને ડિમાન્ડ અત્યંત તળીયે આવી ગઈ છે. એસબીઆઈનો રિપોર્ટ ભાજપના પ્રમુખની ટિપ્પણીથી સાવ વિરોધી છે એમ તેમણે લખ્યું છે. લેખમાં સિંહાએ આવકવેરા વિભાગ, ઈડી અને સીબીઆઈના દુરપયોગ અંગે પણ સરકારની ટીકા કરી છે. સિંહાએ લખ્યું છે કે લોકોમાં ભયનો માહોલ ઉત્પન કરવા માટે સરકાર દરોડાનું રાજકારણ રમી રહી છે.

## દેશમાં ગરીબોને વીજળીનું "સૌભાગ્ય" મફત નહીં મળે

કેન્દ્ર સરકારે કોઈપણ શ્રેણીના ગ્રાહકોને માટે જાહેર કરેલી સૌભાગ્ય યોજના અંતગર્ત મફત વીજળી આપવામાં આવશે નહીં.આ યોજનાનો હેતું સૌને વીજળી પહોચાડવાનો છે.જેમાં ગરીબ પરિવારોને વીજ જોડાણ મફત મળશે.પરંતુ વીજળી મફત નહીં મળે. આ ખુલાસો સૌભાગ્ય યોજના અંગેના એક પુછાયેલ સવાલના જવાબમાં અપાયો હતો.વીજ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે પરિવારોએ માત્ર રુ.૫૦૦ ચુકવવાના રહેશે જે તેની વીજ બીલના ૧૦ હપ્તામાં રિકવર કરવામાં આવશે.ડિસે.૨૦૧૮ સુધીમાં દેશના ૪ કરોડ પરિવારોને વીજળી જોડાણ આપવામાં આવશે.

## ગૌરક્ષાના નામે થતી હિંસાના પીડીતોને રાજ્યો વળતર ચુકવે : ગૌરક્ષકો પર લગામ કસવા જિલ્લામાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓની નિમણુંક કરો



ગૌરક્ષાના નામે કાયદો હાથમાં લઈને ટોળાં દ્વારા થતી હિંસા સામે લાલ આંખ કરતાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય સરકારોને ૧૩ ઓક્ટો. સુધીમાં ગોરક્ષાના નામે થતી હિંસાને અટકાવવા દરેક જિલ્લામાં એક વરિષ્ઠ પોલીસ અધિકકારીની નિયુક્તિ કરવા આદેશ આપ્યો છે.ભારતના ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળ બેન્ચે તમામ રાજ્ય સરકારોને ગૌરક્ષાના નામે થતી હિંસાના પીડીતોને વળતર ચુકવવાનો આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે ગોરક્ષાના નામે થતી હિંસા પર ઘટના પછી નહીં પરંતુ તે પહેલાં રોક લગાવવી આવશ્યક છે.આઈપીસી અનુસાર રાજ્ય સરકારો પીડીતોને વળતર ચુકવવા બંધાયેલી છે.જો તેમણે આ માટે કોઈ યોજના ન બનાવી હોય તો તૈયાર કરે. સુપ્રીમમાં હાથ ધરાયેલી સુનાવણીમાં ગુજરાત,રાજસ્થાન, ઝારખંડ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશે સ્ટેટસ રિપોર્ટ રજુ કર્યા હતા.સુપ્રીમ કોર્ટે બાકીના રાજ્યોને સ્ટેટસ રીપોર્ટ દાખલ કરવા આદેશ આપ્યો છે.

અગાઉની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ગૌરક્ષાના નામે વધી રહેલી હિંસા પર આકરુ વલણ અપનાવતાં કહ્યુ હતું કે ગૌરક્ષકો કાયદો હાથમાં ન લે તે જોવાની જવાબદારી નોડલ અધિકારીઓની છે.આ માટે દરેક જિલ્લામાં એક નોડલ અધિકારીની નિયુક્તી કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના આદેશના અમલ માટે રાજ્યોને એક સપ્તાહનો સમય આપ્યો છે. અદાલતે ગૌરક્ષકો દ્વારા હાઈવે પર પશુની હેરફેર કરતાં લોકો પર થતા હુમલા અટકાવવા હાઈવે પર સુરક્ષા માટે રાજ્યોએ કેવા પગલાં લીધી તેની જાણકારી પણ માંગી હતી.સુપ્રીમ કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવોને આદેશ આપ્યો હતો કે સબંધિત પોલીસ મહાનિર્દેશકોની મદદથી ધોરી માર્ગો સુરક્ષિત રાખવામાં આવે.

## નોન રીલાયેબલ રેસિડેન્ટ(એનઆઇઆઇ) પતિઓ જેઓ પત્નીની આકરી સતાવણી કરતા હોત તેમનીસામે આકરી સજાની કરવાની ગોયેલ સમિતિએ ભલામણ કરી

પત્નીની સતાવણી અથવા તો લગ્ન કરી ત્યજી દેતા એનઆરઆઈ પતિઓ પર સરકારે તવાઈ લાવવાનો મનસુબો કર્યો છે.ભારતમાં આવી લગ્નની છેતરપીડીં કરનરા સામે આકરાં પગલાં લેવા જોઈએ તેવી ભલામણ ગોયેલ સમિતિએ કરી છે.તેમાં પાસપોર્ટ રદ કરવા સહિતના વિવિધ પગલાંની કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવી છે.એનઆઈઆર પતિઓ દ્વારા ત્યજી દેવાયેલી પત્નીઓની ફરિયાદોને પગલે વિદેશ મંત્રાલયે મે મહિનામાં એક સમિતિની રચના કરી હતી.સમતિએ ભારત દ્વારા અન્ય દેશો સાતે કરાતી પ્રત્યાપણ સંધિમાં ઘરેલું હિંસાના કેસોનો સમાવેશ કરવાની ભલામણ કરી હતી. તેને કારણે ભારતમાં કેસ ચલાવવા માટે એનઆઈઆર પતિઓનું પ્રત્યાપર્ણ કરી શકાશે.મહિલા અને બાળકલ્યાણ મંત્રાલયે જણાવ્યુ છે કે કેન્દ્ર સરકાર આ ભલામણો સ્વીકારી લેશે.

ત્યજી દેવાયેલી પત્નીને ન્યાય મળી રહે તે માટે નિવૃત જજ અરવિંદકુમાર ગોએલના નેતૃત્વ હેઠળની નવ સભ્યોની સમિતિએ પત્નીની ફરિયાદના આધારે એનઆરઆઈ પતિનો પાસપોર્ટ રદ કરવાની ભલામણ કરી છે.જેથી જો તે ભારતમાં હોય તો તે કેસના નિકાસ સુધી દેશ છોડી શકશે નહીં. જો તે વિદેશમાં હશે તો તેને દેશનિકાલ કરાવી ભારત પરત લાવી શકાશે.

પેનલે ત્યજી દેવાયેલી પત્નીને અપાતી ૩૦૦૦ડોલરની આર્થિક સહાય વધારીને૬૦૦૦ડોલર કરવાની ભલામણ કરી છે.જેથી તે વિદેશની ધરતી પર કાયદાકીય સેવાઓ મેળવી શકે.તે ઉપરાંત સમિતિએ આ સંદર્ભમાં યોગ્યકાયદો નઘડાય ત્યાં સુધી એનઆરઆઈ ને લગતાં તમામ લગ્નોની નોંધણી રાજ્યોમાં ફરજીયાત બનાવી છે.એનઆરઆઈ પતિ પાસપોર્ટ નંબર,સોશ્યલ સીક્યુરીટી નંબર, રેહણાંક અને ઓફીસના સરનામાં વગેરે માહિતી પુરી પાડે પછી જ લગ્નનું પ્રમાણપત્ર આપવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી છે.કડક નિયમોથી લગ્નની છેતરપીડી ઘટવાનો સંભવ છે.

એનઆરઆઈ પતિ મેળવીનો વિદેશમા જવાના સપના જોતા અનેક કન્યાઓ અને તેમના કુટુંબીજનો છેતરાયા છે જેમને આનાથી લાભ મળશે તેવી શક્યતાઓ રહેલી છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

ડરથી કોઇ વ્યક્તિ અર્થતંત્રની દુર્દશા પર ટીકા કે તેનો વિરોધ કરી શકે તેવી સ્થિતિમાં પુર્વ નાણાં મંત્રી યશવંતસિંહાએ કરેલી હિમતને દાદ દેવી પડે.જેમને અર્થશાસ્ત્રનો અભ્યાસ છે અને તેઓ તે વિષય ઉપર પોતાનું મંતવ્ય આપે તો તેનું વજન પડે. આ પહેલા ભાજપના સુબ્રમણ્યમ સ્વામી બોલી ગયા છે પરંતુ તેમના મંતવ્યને બહુ વજન મળ્યું નથી.નોટબંધીની અસરો બાબતે સ્ટેટ બેન્ક અને રિઝર્વ બેન્કના મંતવ્યો આવ્યા બાદ કેટલાક સત્તા પાર્ટીના લોકોમાં હિમત વધી અને તેઓ સરકારની ટીકાઓ કરવા લાગ્યા. પરંતુ જેટલી ખુલ્લી રીતે યશવંતસિંહાએ કરી તેટલી બીજા કોઇએ કરી નથી. ખેર,કોંગ્રેસના પુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બર અને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કરેલી ટીકાઓ પર દેશના અને વિદેશના લોકોનું ધ્યાન ખેંચાયું છે પરંતં આફતને અવસરમાં પલટી નાંખવાની આવડત ધરાવતી નેતાગીરી માટે આ મોટી વાત નથી.તેઓ જાહેર કાર્યક્રમો અને પબ્લીસીટી,પ્રચારમાં એવી જોરદાર રજુઆત કરે છે જેથી લોકો તેમની વાતમાં અવિશ્વાસ મુકતા અચકાય છે.

## મંતવ્ય

તાજેતરમાં સમાચાર માધ્યમો દ્વારા પ્રસિધ્ધ થયેલા સમાચારો મુજબ પરંપરાના નામે આપણાં દેશમાં કંઇપણ થઇ શકે છે તેવા સમાચારો છપાયા છે. તે મુજબ તામિલનાડુના મદુરાઇ સ્થિત એક મંદિરની આવી જ કેટલીક તસવીરો સામે આવી છે.જે આશ્ચર્ય પમાડે તેવી છે.આ પરંપરાના નામે પસંદ કરાયેલી કિશોરીઓને મંદિરમાં ૧૫ દિવસ સુધી ખુલ્લી છાતીએ રખાય છે.૧૦ થી ૧૪ વર્ષની આ કિશોરીઓને મંદિરના પરિસરમાં જ પુજારીની દેખરેખ હેઠળ રહેવું પડે છે. આ કિશોરીઓને અમ્માન(દેવી જેવું) સ્વરુપ માનવામાં આવે છે.આ કિશોરીઓને માત્ર ધાવાની જેવું( લહેંગા જેવું વસ્ત્ર) પહેરાવાય ચે.કમરથી ઉપરના ભાગે કોઇ વસ્ત્ર હોતું નથી. પણ માત્ર ઘરેણાં પહેરાવાય ચે. લગભગ ૬૦ જેટલા ગામના લોકો આ આયોજનમાં એકત્રિત થાય છે એવુ જાણવા મળેલ છે.આ કિશોરીઓને તેમના પરિવારજનો સ્વેચ્છીક રીતે અહીંયા મોકલે છે.દર વર્ષે સાત કિશોરીઓને આ પરંપાર માટે પસંદ કરવામાં આવે છે. આ વાતની જાણ મદુરાઇના કલેકટરને થઇ તો તેમણે આકરુ વલણ અપનાવ્યું છે.

આ જ પ્રમાણે દેવદાસીની પ્રથાએ સુંદર કન્યાઓનો બલી ચઢાવ્યો છે અને તેમને મંદિરમાં રાખી તેમનું યૌનશોષણ કરવામાં આવ્યું અને પાછળથી તેમને કાઢી મુકતાં અનેક દેવદાસીઓએ આખરે વેશ્યાનો ધંધો અપનાવવો પડ્યો છે.ધર્મના નામે થતાં આવા અને દુષણોમાંથી આપણે ક્યારે બહાર આવીશું. ધર્મના નામે બાબાઓ,ધર્મગુરુઓ દ્વારા જે સમાજ સાથે કલંકિત વ્યવહાર થઇ રહ્યો છે તેમાં સમાજનો પણ દોષ છે તે દોષમુક્ત નથી.ધાર્મિક અંધશ્રધ્ધાના દુષણોમાંથી મુક્ત ક્યારે બનીશું ?

મનોજ કે.ડાભી


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સાંપ્રદાયિક હિંસા અને બે જુથો વચ્ચે ધાર્મિક દ્વેષ દેશ માટે નુકશાનકારક છે :નોબેલ વિજેતા ભારતીય વૈજ્ઞાનિક રામકૃષ્ણન

ભારતીય મુળના નોબેલ પ્રાઇઝ વિજેતા વેકટરમણ રામકૃષ્ણને સલાહ આપી છે કે ભારતમાં કોણ ક્યા પ્રકારનું માંસ ખાય છે એના પર સાંપ્રદાયિક વૈમનસ્ય વધારવાને બદલે સારુ શિક્ષણ ખાસ કરીને વિજ્ઞાન અને ટેકનિક પર ધ્યાન આપવું જોઇએ.બ્રિટનની કેમ્બ્રિજ યુની.માં બોલતાં તેમણે કહ્યુ હતું કે જો ભારત વિકાસ,વિજ્ઞાન અને ટેકનિકમાં જો રોકાણ નહીં કરે તો એ પાછળ રહી જશે.ભારત ચીનથી અગાઉથી જ પાછળ રહી ગયો છે. જો તમે પચાસ વર્ષ અગાઉ બંને દેશોને જુઓ તો બંનેની તુલના થઇ શકતી હતી.ભારતને ચીન કરતાં થોડું સારુ કહેવાતું.રામકૃષ્ણને કોઇ ઘટનાનો ઉલ્લેખ કર્યા વગર કહ્યુ કે ભારતમાં આજે હું જે સમસ્યા જોઉ છું એ છે મામુલી વાતો પર ઝગડા. રામકૃષ્ણને કહ્યુ કે ભારતીઓએ સહિષ્ણુ બની દેશને આધુનિક બનાવવા પર ધ્યાન આપવું જોઇએ.જો એવું નહીં થાય તો આપણે પાછળ રહી જઇશું.રામકૃષ્ણનને ૨૦૦૯માં બે અન્ય વૈજ્ઞાનિકોની સાથે તેમની શોધ માટે નોબેલ પુરસ્કાર મળ્યો હતો.

રામકૃષ્ણને કહ્યુ કે કોણ ક્યા પ્રકારનું માંસ ખાય છે એના કારણે થનારી બધી સાંપ્રદાયિક હિંસા અને બે જુથો વચ્ચે ધાર્મિક દ્વેશ દેશ માટે નુકશાનકારક છે.જે લોકો આવું કરી રહ્યા છે તેઓ પોતાને બહુ મોટા દેશભકત સમજી રહ્યા હશે.પણ ખરેખર તો તેઓ દેશને નુકશાન પહોંચાડી રહ્યા છે.અથવા એટલા અજ્ઞાની છે કે તેઓ સમજી શકતા નથી.

વેકટરમણ કૃષ્ણને કહ્યુ કે વિદ્યાર્થીઓને ગણિત,ભૌતિક, રસાયણ, અને જીવવિજ્ઞાન સિવાય સાહિત્ય,ઇતિહાસ અને કળા અંગેનું પણ જ્ઞાન હોવું જોઇએ. ભારત જેવો દેશ ત્યાં સુધી પ્રગતિ નથી કરી શકતો જ્યાં સુધી એ વિજ્ઞાનમાં રોકાણ ન કરે.એવા દેશો પણ છે જેની પાસે સંશાધન ઘણા છે.પણ જ્ઞાનના અભાવે પાછળ રહી ગયાં છે.જ્યારે સિંગાપુર અને સ્વિત્ઝલેન્ડ જેવા દેશો સંશાધનના મામલામાં પાછળ છે પણ જ્ઞાનના જોરે વિકસિત બન્યા છે.

# સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા ના મિનીમમ બેલેન્સના આકરા નિયમો અંગે ફેરવિચારણા કરાશે

પ્રોઇડંટ ફંડ અને પેન્સન લેવા માટે માત્ર સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાને વિશેષ શાખા તરીકે માન્યાતા આપી હોવાથી લગભગ તમામ નાના મોટો પેન્શનરોએ પોતાના એકાઉન્ટ ફરજીયાતપણે સ્ટેટ બેન્કમાં ખોલાવેલા. હવે સ્ટેટ બેન્ક જે ફતવા બહાર પાડે તેને કમને પણ કબુલવા પડે તેવું ગણિત છે.અમદાવાદ શહેરમાં જ્યારે સુતરાઉ કાપડની મીલો ધમધમતી હતી ત્યારે અને ત્યારબાદ મીલો બંધ થતાં મોટા ભાગના મજદુરોએ પેન્સન માટે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં ખાતા ખોલાવેલા.મજુરો માટે નક્કી થતાં પેન્સનના નાણાં રુ.૫૦૦થી લઇને ૧૦૦૦ સુધીના હતા અને આજે પણ છે.હવે જો ૫૦૦ રુપીયાનું પેન્શન મળતું હોય તો તેણે કેવી રીતે રુ. ૫૦૦૦નું મીનીમમ બેલેન્સ જાળવી રાખવું ? અને ના રખાય તો તેમાંથી દંડનીય રકમ કાપી લેવી પડે.નિયમો લાગુ પાડનારા કે ઘડનારા બેવકુફોની જમાતનો આ દેશમાં તોટો નથી.મીનીમમ બેલેન્સના આકરા નિયમો હેઠળ હજારો લોકો દંડાયા છે.જો આવા નિયમો બનાવવાના હોય તો પછી સ્ટેટ બેન્કની નાળમાં કંઇક ખોડ છે.એનપીએમાં દેશની સૌથી મોટી રકમ ડુબી ગઇ છે.ત્યારે નિયમો વાળા ક્યાં હતા તે એક સવાલ ઉભો થાય છે.

એસબીઆઇએ કહ્યુ છે કે કેટલાક ચોક્કસ કેટેગરીના એકાઉન્ટસ માટે મંથલી એવરેજ બેલેન્સ અર્થાત ખાતામાં મીનિમમ બેલેન્સ રાખવાના નિયમની સમીક્ષા કરી રહી છે.બેન્કે કહ્યુ કે સીનીયર સીટીઝન અને વિદ્યાર્થીઓ જેવા ગ્રાહકોને આ મામલે થોડી રાહત આપવી કે કેમ તે અંગે આંતરીક ચર્ચા થઇ રહી છે. બેન્ક યુનિયનોના ફોરમે ગ્રાહકો પર મીનીમમ બેલેન્સ મેઇન્ટેન નથાય તો તેના પર લાગુ કરાયેલા ચાર્જ પાછા ખંચવાની માંગણી સાથે નાણાંમંત્રી જેટલીને હસ્તક્ષેપ કરવાની માંગણી કરી છે.

એસબીઆઇએ એપ્રિલમાં લાગુ કરેલા નવા નિયમ મુજબ મેટ્રો સીટીમાં જો મંથલી સરેરાશ બેલેન્સ ૫૦૦૦ રુપીયાના ૭૫ ટકા મેઇન્ટેઇન નથાય તો રુ.૧૦૦ વત્તા જીએસટી લાગુ થશે.જો ૨૫૦૦ બેલેન્સ ઓછુ હોય તો રુપીયા ૫૦ પેનલ્ટી વત્તા જીએસટી લાગુ પડશે.

# દારુના સેવની છુટછાટ વાળા ગોવામાં જાહેર સ્થળોએ શરાબ પીવા પર પ્રતિબંધ આવશે

ગોવામાં દારુના સેવન કરેલી હાલતમાં સર્જાતા દુષણો ડામવા માટે મુખ્યપ્રધાન મનોહર પારિકરના નેતૃત્વ હેઠળની સરકારે જાહેર સ્થળે શરાબનું સેવન કરવા પર પ્રતિબંધ મુકવાનો વિચાર કરી રહી છ.હવે માત્ર શરાબના આર્કષણ સાથે ગોવા જનારા પ્રવાસીઓએ ચેતવું પડશે. મુખ્યપ્રધાને જણાવ્યુ હતું કે એકસાઇઝ એક્ટમાં આ અંગેના જરુરી સુધારા આગામી મહિને દાખલ કરવામાં આવશે.ઓકટો.અંત સુધમાં જાહેરમાં શરાબ પીવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામું આવી જશે.રાજ્ય સરકાર હાલમાં ગોવા,દમણ એન્ડ દીવ એકસાઉઝ એક્ટ ૧૯૬૪ હેઠળ શરાબની દુકાનોને લાઇસંસ આપે છે.ગોવામાં બીચ ઉપર દારુ પીવા પર પ્રતિબંધ લાગી ચુક્યો છે.ગોવામાં સરકાર ઇચ્છતી નથી કે બધું જ ચલાવી લેવાય.સરકાર ઇચ્છે છે કે ગોવામાં સારા પ્રવાસીઓ આવે.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,

રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ

એકસ.સીની.કન્સલ્ટન્ટ

મોરારજી દેસાઇ આરોગ્યધામ,

હેલ્થ-વેલ્થ પ્લાનર

ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

# હાલ ,માનવી માનવતા ભળી..

'સુંદરમ' તખલ્લુસથી જાણીતા એવા કવિ ત્રિભુવનદાસ પુરસોત્તમદાસ લુહારે હું માનવી થાઉં તો ઘણું એવી મહાન પંક્તિઓ આપણને ભેટ આપી છે. જે જીંદગીભર નહીં ભુલાય.આ પંક્તિમાં કવિએ માનવતાની વાત રજુ કરી છે.આજે માનવીમાં માનવતા મૃત્યુ પામે તેના કરતાં માનવીમાં માનવતા જીવે તે ખુબ અગત્યનું છે. આજે ઘણાય લોકો માનવતાનો દીવો અવિરત પ્રગટાવીને માનવી પુણ્યનું કાર્ય કરીને અન્યને અજવાળતો હોય છે.તેઓ દીન દુઃખી રૈયતને પડખે ઊભા રહેતા હોય છે.અને સુખ દુઃખમાં ભાગીદાર બનતા હોય છે. પરોપકારી વૃક્ષોની જેમ પરોપકારી માનવી જીવન જરુરીયાત અને મુશ્કેલીમાં અન્યને મદદરુપ બનતો હોય છે. પરોપકારી મનુષ્યમાં ઉપકારના બદલામાં ઉપકાર મળશે તેવા વિચારોનું નામોનિશાન હોતું નથી.તેઓ ધુપસળીની જેમ જીવી જતા હોય છે.

ગયા મહિને જ એક માનવતાનો અનુભવ મને થયો. વિવાહ થયા બાદ એક વર્ષથી અમે ભાડાના મકાનમાં રહીએ છીએ. અમારા મકાન માલિક મને શેઠ- માલિક નહિ આપ્તજન લાગે છૌ. કારણે કે તેમનો તાજોમાજો દાખલો અમે અનુભવ્યો. એક વખત પત્નીને કમરના ભાગે અસહ્ય દુઃખાવો ઉપડ્યો. દુઃખાવો એવો ભયંકર હતો કે તાબોડતોડ હોસ્પીટલે જવું પડ્યું.હોસ્પીટલમાં સારવાર લીધા પછી આરામ મળ્યો તો ખરો પણ એક કલાક બાદ ફરીથી દુઃખાવો ઉપડ્યો. અમે ફરી હાંફતા-હાંફતા હોસ્પીટલે પહોચ્યા અને ફરી ત્રીજી વાર દુઃખાવો ઉપડ્યો. અમે બેબાકળા બની ગયા.વિલંબ ના થાય એ રીતે ઉતાવળા પગલે હોસ્પીટલ પહોચ્યા. ત્રીજી વાર પહોચ્યા તો ખરા પણ ડોકટર આઉટ અને અમે ઈન હતા. અમે ખુબ આજીજી કરી પણ કંમ્પાઉન્ડરે મનાઈ કરી પોતાની વાતમાં અડગ રહ્યો.અને તેણે અમને કહ્યુ હોસ્પીટલના ત્રીજા માળેથી ડોકટર નીચે નહીં આવી શકે.માફ કરજો હવે ડોકટર નહીં મળી શકે.અમારી આગ્રહભરી વિનંતીમાં અમે નાપાસ જાહેર થયા .અમે અન્ય ત્રણ હોસ્પીટલના દરવાજા ખખડાવ્યા ત્યાં પણ કંમ્પાઉન્ડરે અમને કહયું માફ કરજો સાહેબ નહીં મળી શકે તેઓ બહાર ગયા છે.એક બાજુ અસહ્ય દુઃખાવો અને બીજી તરફ ચિંતાના વાદળો ઘેરી વળ્યા.હોસ્પીટલની દોડાદોડીમાં મારો પસીનો ફુટી નિકળ્યો. જીવ પડીકે બંધાય ગયો હતો અને રાતના લગભગ એક વાગી ચુકયો હતો.અને વિચાર્યું હવે આપણીપાસે એક માત્ર હોસ્પીટલ બચી છે. અને અમારી સાથે આવેલા મકાન માલિક પણ જરુરી સલાહ સુચન આપી તે યોગ્ય જણાઇ. છેલ્લી બચેલી હોસ્પીટલે અમે વરસાદમાં ભીંજાતા ભીંજતા ખાડા ખાબોચીયાવાળા રસ્તો પસાર કરી મહા મહેનતે પહોચ્યા.ત્યાં પ્રાથમિક સારવાર મળી. દુઃખાવો મટી ગયો. અમે ઘરે પહોચ્યા. ત્યારે લોકો રાત્રિના ત્રીજા પહોરની ઉંઘ ખેચી રહ્યા હતા.

હોસ્પીટલની સમગ્ર દોડધામમાં મને અમારા મકાન માલિકની માનવતા જોઇને આજે પ્રશ્ન ઉદ્દભવે છે. આજે દુનિયામાં મકાન માલિકને મહિનો પુરો થાય એટલે ભાડાની ઉઘરાણી કરવાનું હોય. ભાડુતી પાસે ભાડુ લેવાનું અને પૈસાની લેવડદેવડમાં પુર્ણરસ. પૈસા સાથે સબંધ માનવ સાથે નહીં.અહીં તો નોખા મકાન માલિક ભાડુ પછી માનવતા પહેલાં.તેમની માનવતા જોઇને અમને એવું લાગે છે કે કોઇ અમારા જીવન પથમાં સ્વજન મળી ગયું છે. જુનાગઢ ઓપરેશન કર્યા પછી અમે ઘેર આવ્યા ત્યારે શાળાના આચાર્ય-શિક્ષકોએ પત્નીના ખબર અંતર પુછતા અમને એવું લાગ્યું કે જાણે વરસો પહેલાનો નાતો હોય. આડોશપડોશની બહેનો પણ ખબર અંતર પુછયા ત્યારે અમને અમારા ગામના ફળિયાની બહેનોએ ખબર અંતર પુછ્યા એમ જણાયું. આમ મને દિનપ્રતિદિન લોકો મળવા આવતાં જોઇને અને એવું ભાસ્યું.ઘરમાં માનવતા નું મહેરામણ ઉમટ્યું છે. આ ઘટના પછી મને ફાધર વર્ગીસ પોલ લિખિત પુસ્તક વિશ્વવિભુતિ : મધર ટેરેસા માં લેખકે માનવતા અને પડોશી ધર્મનો મર્મ સમજાવતો પ્રસંગ આલેખ્યો છે તેની ઝાંખી થાય છે. એક દિવસે એક સજ્જન વ્યક્તિએ મધર ટેરેસાને કહ્યું , કોલકત્તાના એક વિસ્તારમાં આઠેક બાળકોવાળા એક હિન્દુ કુટુંબે ઘણાય દિવસોથી કશું ખાધું નથી.મધર ટેરેસા તરતજ થોડા ચોખા લઇને પેલા હિન્દુ પરિવારના બારણે પહોચી ગયા. બાળકોની માતાએ ખુબ ખુશ થઇને મધર ટેરેસાના હાથમાંથી ચોખા લઇ લીધા.ચોખામાંથી અર્ધો ભાગ લઇને બહાર ગઇ. થોડી વારમાં પાછી આવીને ઘરે રાખેલા ચોખા તૈયાર કરીને પોતાના ભુખ્યા બાળકોને ખવડાવવા લાગી..

'બહેન, તમે હમણાં ક્યાં જઇને આવ્યા ?તમે ચોખા અર્ધા ભાગનું શું કર્યુ ?'મધર ટેરેસાએ પેલી માતાને પુછ્યું. તે માતાએ મધરા ટેરેસાને નિખાલસતાથી જણાવ્યું. 'પડોશમાં એક મોટા મુસ્લીમ કુટુંબના બાળકો પણ ઘણા દિવસથી કશુંય ખાધા વિનાના ભુખ્યા છે.મે એ ભુખ્યા બાળકોને આપના ચોખાનો અર્ધો ભાગ આપ્યો.'

એક માનવી બીજા માનવી માટે માનવતા જગાડશે. બીજો માનવી અન્યમાં માનવતા જગાડશે. આમ થશે ત્યારેજ માનવી એક બીજા માટે પરચારુપ બની રહેશે.અને માનવી માટે જીવનપાથેય બનશે.જીંદગી જીવશે તેમ જીંદગી સદાબહાર બની રહેશે. આજે આપણી આસપાસ જીવતા દરેક માનવીની આંગણી ઝાલીને કહીએ હાલ. માનવી માનવતા ભણી.

મથુર વસાવા (ઉના)

# ગાયપુજકો લાગણી દુભાય છતાં હિંસક બનતા નથી : સંઘ સંચાલક મોહન ભાગવત

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા મોહન ભાગવત ગૌરક્ષકોની તરફેણ કરતાં કહ્યુ હતું કે જે લોકો ગાયને પ્રેમ કરે છે તેમની લાગણી દુભાય તો પણ તેઓ હિંસા આચરતાં નથી. જામડોલી ખાતે સ્વયંસેવકોને સંબોધન કરતાં તેમણે કહ્યુ હતું કે ગાય આર્થિક રીતે ફાયદાકારક છે.ભાગવત રાજસ્થાનના પ્રવાસે છે.તાજેતરમાં ગૌરક્ષકો દ્વારા આચરવામાં આવેલી હિંસાના કેટલાક કિસ્સાઓ ને કારણે તેમણે આ બચાવનામું રજુ કર્યુ હતું.ચીની સામગ્રીના ઉપયોગના મુદ્દે પણ તેમણે કહ્યુ હતું કે સ્વદેશી અર્થાત કુટીર અને નાના ઉદ્યોગોમાં ઉત્પાદિત માલનો ઉપયોગ કરવો. તેણે કહ્યુ હતું કે સ્વદેશી માલસામગ્રી વાપરવાથી લોકોને રોજગારી આપી શકાય છે.આત્મગૌરવનો અનુભવ કરી શકાય છે.

તાજેતરમાં ગૌરક્ષાને મુદ્દે હિંસક બનીને કેટલાંક લોકોને સ્વધામ પહોચાડવાની ઘટના સામે આવી છે.પહેલુ ખાનનો કિસ્સો બહુ ચર્ચિત છે.રાજસ્થાનમાં ગૌરક્ષકોએ એપ્રીલમાં ગૌરક્ષાને નામે હત્યા કરી હતી.પહેલું ખાન જયપુરમાંથી કાયદેસર રીતે ગાય ખરીદીને તેને લઈ જઈ રહ્યો હતો.ત્યારે તેની હત્યા થઈ હતી.તે અગાઉ ઘરના ફ્રીજમાં બીફ રાખ્યું હોવાની શંકાને કારણે વર્ષ ૨૦૧૫માં ટોળાંએ ગ્રેટર નોઈડામાં મહમંદ એખલાકની હત્યા કરી હતી. આખરે વડાપ્રધાને ગૌરક્ષકોને કડક ચેતવણી આપવી પડી હતી અને ગૌરક્ષાને નામે લોકોની હત્યા સ્વીકાર્ય નથી તેવું જણાવી કડક પગલાં લેવા જણાવ્યુ હતું.


લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે
ડિઝાઇનર કાર મળશે
મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી ,
મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


# વૈકલ્પિક તકરાર નિવારણ હાલની ન્યાયિક પ્રક્રિયાથી એકદમ અલાયદી હોવી જોઇએ : જસ્ટીસ જે. ચેલમેશ્વર

ગાંધીનગર ખાતે કર્ણાવતી યુની.ની યુનાઇટેડ વર્લ્ડ સ્કુલ ઓફ લો દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના જસ્ટીસ જે. ચેલમેશ્વરે જણાવ્યું હતું કે ઓલ્ટરનેટીવ ડીસપ્યુટ રિઝોલ્યુશન -એટલેકે વૈકલ્પિક તકરાર નિવારણ હાલની ન્યાયિક પ્રક્રિયાથી એકદમ અલાયદી હોવી જોઇએ.જેથી તે સફળ થઇ શકે.કેમકે વાસ્તિવકતા એ છે કે હાલની ન્યાયિક પ્રક્રિયામાં કોઇ ઉણપ હોવાથી આપણે તેને વૈકલ્પિક ન્યાય પધ્ધતિ કહીએ છીએ.આ કાર્યક્રમમાં હાઇકોર્ટના ચીફ જસ્ટીસ આર.સુભાષ રેડી, જસ્ટીસ એમ.આર શાહ અને સુપ્રીમ કોર્ટના પુર્વ ઈન્ટરનેશનલ મીડીયેટર તેમજ પુર્વ અધિક એડવોકેટ જનરલ રીના સિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલ્ટરનેટીવ ડીસપ્યુટ રિઝોલ્યુશન મેપિંગ એન્ડ ચેલેન્જીંગ ઈન ઈન્ડીયા વિષય પરસંબોધતાં જસ્ટીસ ચેલમેશ્વરે કહ્યુ હતું કે દેશમાં કાયદાની જટીલ પ્રક્રિયાના લીધે ન્યાય થતાં વર્ષો વીતી જાય છે. દરેક કાયદામાં હક અને જવાબદારી છે. અને તે સંઘર્ષમાં પરિણમે છે. તેના કારણે હક અને જવાબદારી સતત વધતી રહે છે અને તેની સાથે સાથે તેનો અમલ કરનારાઓની સંખ્યા પણ વધે છે.જો કે દરેક કાયદામાં એક વિવાદ થવાની શક્યતા પણ હોય છે.દેશની કોર્ટોમાં કેસોના ભરાવાના લીધે એડીઆરની જરુર ઊભી થઇ છે. પરંતુ એડીઆરનો અમલ હળવાશથી કરવો જોઇએ નહીં.હકીકતમાં તો જો બંને પક્ષકારો હાલની ન્યાયિક પ્રથા સાથે સંમત ના હોય અને તેનાજ આધારે તેને ફરીથી પડકારવામાં આવે તો દાવાનો નિકાલ ઝડપથી લાવવાનો હેતુ સરતો નથી.

# રેલ્વેએ ટ્રેનમાં ઊંઘવાનો ૧ કલાક ઘટાડી દીધો

ટ્રેનમાં સફર કરનારાઓ માટે રેલવે તરફથી નવો નિયમ રજુ કરવામાં આવ્યો છે.મુસાફરી દરમિયાન મિડલ અને લોઅર બર્થ પરના પેસેન્જર વધુ ઉંઘી રહેતા હોવાથી અપર અને મિડલ બર્થવાળા પેસેન્જરને બેસવાની જગ્યાના મામલે પેસેન્જરો વચ્ચે ઝગડા થતા હોય છે.હવે આ ઝગડા દુર થઇ જાય તે માટે રેલવેએ નવો નિયમ રજુ કર્યો છે.રેલવેએ ટ્રેનમાં સ્લીપીંગ અવર્શ એટલેકે ઉંઘવાના સત્તાવાર કલાકમાં એક કલાકનો સમય ઘટાડી દીધો છે.

રેલવે બોર્ડના સરક્યુલર મુજબ રિઝર્વ કોચમાં પેસેન્જર હવેથી રાત્રે ૧૦ વાગ્યાતી સવારે છ વાગ્યા સુધી જ ઊંઘી શકશે.બાકીના સમયમાં તેમણે અન્ય મુસાફરોને તેમની બર્થ પર બેસવા દેવા પડશે.જો કે કેટલાક પેસેન્જર માટે તેમાં અપવાદ રહેશે. અત્યાર સુધી પેસેન્જરને બર્થ પર રાત્રે નવ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધી ઊંઘવાની મંજુરી હતી.

સરક્યુલરમાં આ સાથે જણાવાયું છે કે જે પેસેન્જર માંદા હોય,દિવ્યાંગ હોય અને ગર્ભવતી મહિલા જેવા પેસેન્જર જો ૧૦ થી ૬ સિવાયના વધારાના સમયમાં ઉંઘવા માંગતા હોય તો તેવા પેસેન્જર સાથે અન્ય પેસેન્જરને સહયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. રેલ્વેના એક અધિકારીએ કહ્યુ હતું કે ઘણા પેસેન્જર દિવસ હોય કે રાત, તેમની બર્થ હોય તેટલે સુતા જ રહેતા હોવાની ફરિયાદ થતી રહેતી હતી અને અપર અને મિડલ બર્થના અન્ય પેસેન્જરને બેસવાની જગ્યા મળતી નહોતી.

રિઝર્વેશન કોચની અંદર નિયમિત રીતે પાસ ધારકો ઘુસી જતા હોય છે અને જેમણે રિઝર્વેશન કરાવ્યુ હોય છે તેમને તકલીફોમાં મુકતા હોય છે જો કે રેલવે પાસધારકો માટે અલગ ડબ્બાઓ મુકેલા હોવા છતાં પાસધારકો ટોળાશાહી કરીને જબરજસ્તીથી રિઝર્વેશન કોચમાં ઘુસી આરામથી સફર કરે છે અને રેલવે સ્ટાફ તેમની સાથે કોઇ પગલાં લેતો નથી.કેટલીક ટ્રેનોમાં પાસધારકોની આજીવન સીટ બુક હોય છે તેના બેસનારને ઉઠાડી મુકે છે.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ખોટા સ્લોગનો ચલાવી સરકાર જનતાને લુંટી રહી છે : પુર્વ નાણાંમંત્રી ચિદમ્બરમ

કોગ્રેસના નેતા અને પુર્વ નાણાંમંત્રી પી. ચિદમ્બરમે દેશના અર્થતંત્રની સાચી હાલત વિશે બોલીને સરકારની ટીકા કરવા બદલ યશવંતસિંહાની ભારોભાર પ્રશંસા કરતાં કહ્યુ હતું કે કેન્દ્ર સરકાર અર્થતંત્રની બાબતે બિલકુલ દિશાવિહોણી બની ગઇ છે.અને નરેન્દ્ર મોદીની સરકાર ફક્ત સ્લોગનો અને બુમબરાડાઓ પર ચાલી રહી છે.ચિદમ્બરમે એમ પણ કહ્યુ હતું કે સરકાર પ્રજાની રીતસર લુંટ ચલાવી રહી છે. સિંહાએ દેશના અર્થતંત્ર વિશે એ જ લખ્યું છે જે કોગ્રેસે ૧૮ મહિના પહેલા કહી ચુકી છે.તેમ તેમણે કહયું હતું.તેમણે કહ્યુ કે કોગ્રેસ પાર્ટીને અર્થતંત્રની નબળાઇ વિશે ન બોલવા માટે કહેવાયું હતું પરંતુ તેમની પાર્ટી સરકાર દ્વારા લેવામાં આવી રહેલા આફતજનક પગલાંઓની સામે બોલતી જ રહેશે. અમને એ વાતની ખુશી છે કે યશવંતસિંહાએ સત્ય લખ્યું છે. તેમણે અર્થતંત્ર અંગે અમારી વાતનો પડઘો પાડ્યો છે.તેમ જણાવીને ચિદમ્બરમે સરકાર પર લોકોને લુંટવાનો આરોપ મુક્યો હતો.

## દેશનું અર્થતંત્ર ઝડપથી વૃધ્ધિ કરી રહ્યું છેઃ ગૃહમંત્રી રાજનાથસિંહ

ભાજપના ટોચના નેતાઓ પૈકી ગણાતા અને પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ દેશના અર્થતંત્રની કરેલી આકરી ટીકાઓની પ્રતિક્રિયા સ્વરુપે ગૃહમંત્રીએ અરુણ જેટલી અને મોદી સરકારનો બચાવ કરતાં કહ્યુ હતું ક દેશનું અર્થતંત્ર સૌથી ઝડપથી વૃધ્ધિ કરી રહ્યું છે.અને સમગ્ર વિશ્વ તે જાણે છે.તેમણે કહ્યુ હતું કે નોટબંધી અને જીએસટી જેવા મોટા આર્થિક સુધારા અમલમાં મુકાય ત્યારે કેટલીક અનિશ્ચિતતા સર્જાય તે સહજ છે.કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહયુ હતું કે દેશનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વૃધ્ધિ કરી રહ્યું છે આ હકીકત કોઇએ ભુલવી જોઇએ નહી.નરેન્દ્ર મોદીની સરકારમાં દેશની વિશ્વસનીયતા વધી છે.

જો કે મોદી સરકારની ટીકા તેમના અંદરના સુત્રો દ્વારા કરાઇ છે અને તેથી તેમની છબી ખરડાઇ છે પરંતુ હવે મોદીના ભક્તજનો યશવંતસિંહાનો જવાબ કેવી રીતે આપે છે તે જોવાનું રહ્યું.વિરોધીઓ અને વિરોધોને કોઇપણ કાળે સહન નહી કરી શકવાની સુઝ ધરાવતા સત્તાધીશો જો સત્યનો આદર કરીને દેશનું અર્થતંત્ર ખાડે જઇ રહ્યું છે તેને સુધારવા પ્રયત્ન કરે તો તેમાં દેશની ભલાઇ છે તેવું ખાનગીમા તેમનાજ સુત્રોનું માનવું છે.

## દેશમાં નકલી સાધુઓની યાદી જાહેર કરનારા મહંતને ગુમ કરી દેવાયા

દેશમાં ધર્મના નામે બની બેઠેલા નકલી સાધુઓ અને બાબાઓનું લીસ્ટ જાહેર કરનારા અખિલ ભારતીય અખાડા પરિષદના રાષ્ટ્રીય પ્રવક્તા મહંત મોહનદાસ આ યાદી જાહેર કર્યા પછી ગુમ થયા છે અને તેમનો કોઇ પત્તો મળતો નથી.પરિષદે તેમની શોધ કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે.અખિલ ભારતીય અખાડા પરિષદના રાષ્ટ્રીય પ્રવકતા મહંત મોહનદાસ ૧૫ સપ્ટે.ની રાત્રીથી લાપત્તા બન્યા છે.તેઓ તે સમયે મુંબઇથી હરિદ્વાર ટ્રેનમાં જઇ રહ્યા હતા.એબીએપીના મહામંત્રી હરિગીરી મહારાજે કહ્યુ હતું કે મહંતનું અપહરણ થઇ ગયું હોવાની શંકા છે.એનો મતલબ એ થાય છે કે નકલી સાધુઓ જેમના નામો જાહેર કરવામાં આવ્યા છે તેઓ કેટલા મોટા ગુનેગારો છે કે તેમણે મહંતનું અપહરણ કરી દીધું છે.

મહમંદ ગઝનીએ સોમનાથ મંદિરની લુંટમાંથી ગઝની શહેરમાં યામીની યુનીવરસીટીની સ્થાપના કરી હતી.એણે લુંટના પૈસા કાબુલ શહેરને ખુબસુરત બનાવવામાં વાપર્યા હતા.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## દેશની જનતાનું ધ્યાન અન્યત્ર વાળવાના હેતુસર ભારતીય સેના દ્વારા ઉગ્રવાદીઓનો ખાત્મો જેવા ઓપરેશનોનો પ્રચાર

ભારતીય સેનાએ મ્યાનમાર સાથેની તેની સરહદ પર નાગાલેન્ડની તરફે વહેલી સવારે આક્રમક ઓપરેશન કર્યુ હતું. અને અનેક નગા ઉગ્રવાદીઓનો ખાત્મો બોલાવી દીધો હતો.સેનાના ઈસ્ટન કમાન્ડે કહ્યુ હતું કે આ ઓપરેશનમાં સૈનીકોના પક્ષે કોઇ નુકશાન થયું નથી.તેમજ તેમણે આ કાર્યવાહીમાં કોઇ આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરી નથી.ભારતીય સેનાએ મ્યાનમાર ખાતેની સરહદ પર નેશનલ સોશ્યાલીસ્ટ કાઉન્સીલ ઓફ નાગાલેન્ડ-ખપલાંગના બળવાખોરો પર જોરદાર ગોળીબાર કર્યો હતો.બળવાખોરોએ સાધારણ સામનો કર્યો હતો પરંતુ ભારે આક્રમણને કારણે તેઓ ત્યાંથી નાસી છુટ્યા હતા અને આ ઘર્ષણમાં મોટી સંખ્યામાં ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા. પરંતુ તેની સંખ્યા જાહેર કરાઇ નથી. જો કે કેન્દ્રીય ગૃહમંત્રીએ માહીતીની જાણકારી આપવાનો પ્રયત્ન કરાશે તેવી હૈયાધારણા આપી છે. પરંતુ આ ઓપરેશનનો પ્રચાર જોરશોરથી કરવા પાછળ દેશની જનતાનુ ધ્યાન અન્યત્ર વાળવાનો દેખાઇ રહ્યો છે.જો કે આઇશેક સુમી નામના એક મોસ્ટ વોન્ટેન્ડ ઉગ્રવાદીએ તેની ફેસબુકમાં પોસ્ટમાં કહ્યુ છે કે ભારતીય સેનાએ મ્યાનમારની સરહદમાં ૧૦-૧૫ કી.મી. અંદર ઘુસીને નાગ સમુદાયના લાંગખુ ગામની હદ પાસે આવીને હુમલો કર્યો હતો.

## સૌરાષ્ટ્ર નવસર્જન યાત્રામાં રાહુલ ગાંધીએ સરકાર પર આકરા પ્રહારો કરતા 'કહ્યુ કે 'અચ્છે દિન તો દુરકી બાત, બુરે દિન કબ જાયેગે'

સૌરાષ્ટ્ર નવસર્જન યાત્રા અંતર્ગત કોગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સભા અને સંવાદથી કોગ્રેસ પક્ષમાં નવી ઉર્જાનો સંચાર કર્યો હતો.તેમણે સરકાર પર આકરા પ્રહારો કરતાં તેમના વિવિધ પ્રવચનોમાં અચ્છે દિનનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે અચ્છે દિન તો દુરકી બાત ,બુરે દિન કબ જાયેગે.ની વાત કરી હતી.

ગુજરાતમાં કોગ્રેસની સરકાર આવશે દસ દિવસમાં ખેડુતોનું દેવું માફ કરાશે તેવું જણાવ્યુ હતું.

તેમણે કહ્યુ હતું કે દેશનું અર્થતંત્ર મંદીના વમળમાં ફસાયું છે.ભાજપના પુર્વ નાણાંમંત્રી યશવંતસિંહાએ મોદી સરકાર અન જેટલી પર કરેલા આક્રમક પ્રહારોને યોગ્ય ઠરાવતાં રાહુલ ગાંધીએ કહ્યુ હતું કેસીટબેલ્ટ બાંધવા લાગો,આપણાં અર્થતંત્રના વિમાનની પાંખો તુટી ગઇ છે.કોઇ ફલાઇટમાં થઇ રહેલી જાહેરાતની જેમ તેમણે ટ્વિટ કરતાં કહ્યુ કે લેડીઝ એન્ડ જેન્ટલમેન આપના કો-પાઇલટ અને નાણાંપ્રધાન બોલી રહ્યા છે. કૃપયા આપના સીટબેલ્ટ બાંધી લો અને મજબુતીથી સીટ પર બેઠા રહો. કારણકે આપણાં વિમાનની પાંખો તુટી રહી છે.દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે. અને જીડીપી ઘટી રહ્યો છે.ઉત્પાદન સેકટરનો દર ઘટી રહ્યો છે.નિકાસનું પ્રમાણ ઘટ્યું છે. અને આયાતો વધી રહી છે.વેપાર ઉદ્યોગમાં નિરાશાનું વાતાવરણ છવાયું છે. ત્યારે છાશવારે



ટ્વીટ કરતાં મોદી પણ મો પર આંગળી રાખીને મૌની બાબબ બની ગયા છે. સિંહાએ તેમના લેખમાં ઈકોનોમીની ખાડે ગયેલી સ્થિતિ અંગે મોદી અને જેટલીની આકરી ટીકા કરી હતી.સિંહાએ લખ્યું હતું કે રાજકીય ફરજ તરીકે મારે કડવું સત્ય જાહેર કરવાની ફરજ પડી રહી છે.યશવંતસિંહાના લેખ અંગે રાહુલે કહ્યું હતું કે અર્થ વ્યવસ્થા નષ્ટ થઇ રહી છે.ભાજપમાં આ અંગે કોઇ બોલી શકતું જ નથી. નેતાઓમાં બે શબ્દો બોલવાની હિંમત જ રહી નથી. જો કે હવે કેટલાક ભાજપના નેતાઓ હિંમત જુટાવીને અર્થતંત્રની ખરાબી બાબતે બોલતા થયા છે તે સારુ છે.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.